ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2020/ ૧૧૯૭૨-૧૧૯૭૧
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 29/09/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષયઃ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફી સ્પર્ધાના આયોજન બાબત
સંદર્ભઃ માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવી દિલ્હીના ડી.ઓ. નં-08-01-2018-EF.1 (Pt-II) Dt.22/09/2020

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ વિભાગના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગની સૂચના અન્વયે એનસીઇઆરટી, નવી દિલ્હી દ્વારા ગાંધીજીની 150મી જન્મ જયંતિની ઉજવણીના બે વર્ષના સમયગાળાના અંતભાગમાં સમગ્ર દેશની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાની જાણ ગુજરાતની તમામ શાળાઓમાં સત્વરે કરવાની થાય છે. આ સ્પર્ધા સફળ રીતે હાથ ધરાય અને પૂર્ણ થાય તે માટે નવી દિલ્હીનો વિગતવાર માર્ગદર્શન પૂરું પાડતો પત્ર આ સાથે બિડાણમાં સામેલ કરેલ છે. તેનો અભ્યાસ કરી તેને અનુસરવાનો રહેશે તેમજ આપના કાર્યક્ષેત્રની તમામ શાળાઓને પણ પત્ર પાઠવી તેની સાથે બિડાણમાં સામેલ કરી મોકલવાનો રહેશે. જેથી તેઓ યોગ્ય રીતે નિયમોને સમજી સ્પર્ધામાં ભાગ લઇ શકે.

આભાર સહ,

| નિયામક | નિયામક | નિયામક |
|---|---|---|
| જીસીઈઆરટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી |
| ગાંધીનગર | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી | ગાંધીનગર |
| | ગાંધીનગર | |

શાખા યોજના
પરિપત્ર નં :- ૬૭૬

ક્રમાંકઃ-યોજના/ઓનલાઈન/સ્પર્ધા/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૦૧/૧૦/૨૦૨૦

ઉપરોક્ત પરીપત્ર જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner

બિડાણ:

## સ્પર્ધા અંગેની વિગતવાર માહિતી

મહાત્મા ગાંધીની 150 મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ફોટોગ્રાફી સ્પર્ધા

1. સ્પર્ધાનું સ્વરૂપ: ફોટોગ્રાફી સ્પર્ધા
2. ફોટોગ્રાફી હરીફાઈ માટેની થીમના વિકલ્પો: "શ્રમનું ગૌરવ" અથવા "એક ભારત શ્રેષ્ઠ ભારત"
3. કેમેરાનો ઉપયોગ: સેલ ફોન્સ પરના કેમેરા સહિત કોઈપણ કેમેરા
4. સબમિશનની રીત: ફક્ત જેપીઇજી ફોર્મેટમાં સબમિટ કરવાનું રહેશે.
5. સ્પર્ધા માટેની ગ્રેડ કેટેગરીઝ:
   - કેટેગરી 1: ધોરણ: 1 થી 5
   - કેટેગરી 2: ધોરણ: 6 થી 8
   - કેટેગરી 3: ધોરણ: 9 થી 12
6. વિદ્યાર્થી દીઠ એન્ટ્રીની સંખ્યા: બાળક દીઠ માત્ર એક જ એન્ટ્રી
7. વિદ્યાર્થી દ્વારા એન્ટ્રી ક્યાં સબમિટ કરવાની રહેશે: બધા વિદ્યાર્થીઓએ તેમની એન્ટ્રી તેમની સંબંધિત શાળામાં સબમિટ કરવાની રહેશે.
8. વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં એન્ટ્રી રજૂ કરવાની છેલ્લી તારીખ: 9 ઓક્ટોબર,2020
9. શાળા દ્વારા કાર્યવાહી: સંબંધિત શાળાના આચાર્ય / શાળાના વડા દરેક ગ્રેડ કેટેગરીમાં એક શ્રેષ્ઠ ફોટોગ્રાફની પસંદગીની વ્યવસ્થા કરશે અને પસંદ કરેલા શ્રેષ્ઠ ફોટા 10 થી 15 ઓક્ટોબર, 2020 સુધીમાં નીચે જણાવેલ લિંક પર અપલોડ કરશે.

   https://innovate.mygov.in/photography-contest/

10. એન્ટ્રીની વિગતો અપલોડ કરતી વખતે , શાળા દ્વારા ફરજિયાત ભરવાની માહિતી: બાળકનું નામ, ગ્રેડ કેટેગરી, શાળાનું નામ, શાળાનું સરનામું, શાળા જ્યાં સ્થિત છે તે રાજ્ય / યુ.ટી., શાળાનો UDISE કોડ, આચાર્યનું ઇમેઇલ આઈડી. શાળા/ આચાર્ય/શાળાના વડાનો મોબાઇલ નંબર.
11. એનસીઇઆરટીની ભૂમિકા: બધી એન્ટ્રીઓ સબમિટ કર્યા પછી. MyGov / NCERT આ એન્ટ્રીઓને રાજ્ય મુજબની કેટેગરી પ્રમાણે ગોઠવણ કરશે અને 20 ઓક્ટોબર, 2020 સુધીમાં તેમને સંબંધિત રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશને મોકલશે.
12. રાજ્ય / કેન્દ્રશાસિતની એસસીઇઆરટીની ભૂમિકા: દરેક વર્ગમાં રાજ્ય / યુટીમાંથી ટોચની પાંચ એન્ટ્રીઓની પસંદગી માટે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી પ્રાપ્ત થયેલ એન્ટ્રીઓનું મૂલ્યાંકન કરવા માટે એસ.સી.ઇ.આર.ટી.ના "નિષ્ણાતોની સમિતિ" ની રચના કરશે. આ એન્ટ્રીઓને રાષ્ટ્રીય સ્તરે તા.30 ઓક્ટોબર, 2020 સુધીમાં એનસીઇઆરટીને મોકલી આપવાની રહેશે.
13. રાજ્ય કક્ષાના વિજેતાઓ: દરેક રાજ્યમાં દરેક કેટેગરીમાંથી ટોપ પાંચ એન્ટ્રીઓને રાજ્યકક્ષાના વિજેતા તરીકે ગણવાની રહેશે. અને તેમને એનસીઇઆરટી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.
14. રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ એન્ટ્રીઓની પસંદગી: આ પસંદગી પ્રક્રિયા તા.15 થી 30 નવેમ્બર 2020 થી એન.સી.ઇ.આર.ટી. એ અધિકૃત કરેલ ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે.

Scanned with CamScanner

15. રાષ્ટ્રીય વિજેતાઓની ઘોષણા: એનસીઇઆરટી દ્વારા 15 થી30 નવેમ્બર 2020 સુધીમાં એન.સી.ઇ.આર.ટી. દ્વારા કરવામાં આવશે.

16. પ્રમાણપત્ર વહેંચણી: MyGov લીંક પર શાળાઓ દ્વારા જે સ્પર્ધકોના ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવ્યા હશે તે તમામને એનસીઇઆરટી અને MyGov ના સંયુક્ત ઉપક્રમે સ્પર્ધામાં ભાગ લેવા બદલનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

17. ઇનામ: એનસીઇઆરટી પ્રત્યેક કેટેગરીમાં ટોચના ત્રણ વિજેતાઓ અને સાત આશ્વાસન એન્ટ્રીઓ પસંદ કરશે. વિજેતાઓને પુસ્તકો, ડિજિટલ રિસોર્સ સાથેની પેન ડ્રાઇવ અને રોકડ ઇનામ ( પ્રથમ ઇનામ રૂ. ૧0000/-, દ્વિતીય ઇનામ રૂ. ૭000/-, અને તૃતીય ઇનામ રૂ. ૫000/-) આપવામાં આવશે. સાત આશ્વાસન ઇનામ દરેક એન્ટ્રીઓમાં (દરેકને રૂ. ૨000/-) આપવામાં આવશે.

Scanned with CamScanner